સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

મોટા ને ખોટા પ્રકલ્પો, ફરે છે ફાઈલ પર,
બ્હાનાં નાં વિકલ્પો પણ, ફરે છે ફાઈલ પર,
ફરે છે ફાઈલ પર અકલ્પ્ય અંકોમાં સિદ્ધિ -
સિદ્ધિ વિનાના સંકલ્પો, ફરે છે ફાઈલ પર...

હાઈકુ

ખાલી ચણાનાં
બોદાં સૂત્રો સિદ્ધિનાં -
વાગે છે ઘણાં...

લંબાવી ડોક
ડોકલામમાં પણ -
ચીની ડ્રેગને...

ચિંતન

યસ્મિન્ દેશે ન સન્માનો ન વૃત્તિર્ન ચ બાન્ધવાઃ ।
ન ચ વિદ્યાઽઽગમઃ કશ્ચિત્ તં દેશં પરિવર્જયેત ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

જે દેશનાં માન-સન્માન ન મળે, આજીવિના ન મળે, જ્યાં કોઈ ભાઈ-ભાંડુ રહેતા ન હોય અને વિદ્યાભ્યાસ કરવો શક્ય ન હોય ત્યાં રહેવાનો કોઈ ફાયદો નથી.

સંસારમાં રહેતા પ્રાણીઓના વિકાસ માટે તેમને સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સુવિધાઓ મળે તે જરૂરી છે. માણસ તરીકેનો મોભો પણ જળવાવો જોઈએ. જે પ્રદેશમાં વિદ્યાભ્યાસ કરવો શક્ય ન હોય એટલે કે વિદ્યાનું કોઈ મૂલ્ય જ ન હોય તેમાં રહેલાં મનુષ્યો પશુ સમાન છે. વિદ્યાભ્યાસ મનુષ્યમાં સંસ્કારના બીજ રોપે છે અને તેના પર જીવનરૂપી પુષ્પો ખીલે છે. જ્યાં વિદ્યાનું કોઈ મહત્ત્વ નથી ત્યાં વ્યક્તિનું કોઈ મૂલ્ય હોતું નથી. જે પ્રદેશમાં રોજગારીની સુવિધા ઉપલબ્ધ ન હોય ત્યાં રહેવામાં જોખમ છે. કારણ કે બેરોજગારીથી કંટાળેલા માણસો છેવટે પોતાના જરૂરિયાતો સંતોષવા લૂંટફાટ જ કરશે.

સુવિચાર

- જ્યારે સમગ્ર જગત એકબાજુ અને તમે બીજી બાજુ હો, ત્યારે શું કરશો ? તદ્દન સરળ વાત છે, પીટ ફેરવી લો, અને તમે સમગ્ર જગતના આગેવાન બની જશો - **બર્નાડ શો**
- જે સંકલ્પ છે, તેની ઈચ્છા કરો અને સંકલ્પ કરો પ્રાપ્તિનો, જે તમારી જરૂરિયાત છે - **સંત ઓગસ્ટિન**
- એકાંતમાં થોડો સમય રોજ બેસવું, એ સારી વાત છે, પરંતુ એકાંતમાં તમે અતિતની સાથે નહીં ભવિષ્યનાં સ્વપ્ન સાથે બેસજો - **એસ. ભટ્ટાચાર્ય**
- સમસ્યા વગર મેળવેલી જીત, એ 'વિજય' માત્ર છે, પરંતુ અનેક સમસ્યાઓ અને સંઘર્ષો પછી મેળવેલી જીત 'ઈતિહાસ' બને છે - **અમૃતબિંદુ**
- તપસ્વી અને ત્યાગીની શોભા તેનામાં રહેલી ક્ષમાભાવના છે, ક્ષમા પોતે જ એક તપ છે, અવૈરની ઉદાત્ત ભાવના એનો આધાર છે - **ચાણક્ય**
- આજનું ઔષધ : અરડૂસીના પાનમાં મધ, હળદર મિક્સ કરી પાંચ દિવસ લેવાથી કફ પાતળો થઈ છૂટ્ટો પડતાં ખાંસી મટી જાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

સંત અબ્દુલ્લા પોતાના અનુયાયીઓ સાથે વાતો કરતા હતા ત્યાં એક માણસ એમની પાસે આવ્યો. એણે કાળાં વસ્ત્રો પહેર્યા હતા. અબ્દુલ્લાએ પૂછ્યું, 'ભાઈ, કેમ કાળા વસ્ત્રો પહેર્યા છે?' પેલા માણસે વિનયપૂર્વક જવાબ આપ્યો, 'મહારાજ, મારા બે આપ્તજનોના અવસાન થયા છે, અને આપ્તજનના અવસાન વખતે તો કાળા વસ્ત્રો જ પહેરવા પડે ને!!' અબ્દુલ્લાએ પૂછ્યું. 'કોણ છે એ બે આપ્તજન?' માણસનો જવાબ 'અહમ્ અને ક્રોધ.' આજ પર્યંત મારે અહમ્ અને ક્રોધ વિના ચાલતું જ ન હતું ! આજે એ બંનેના અવસાન થયા છે.' આ સાંભળતા જ અબ્દુલ્લાએ હુકમ કર્યો 'તમે આ ક્ષણે અહીંથી ચાલ્યા જાવ, તમારા જેવા દંભી માનવીની અહીં જરૂર નથી.' પેલો માણસ સભા છોડી ચાલતો થયો. પાંચ મિનિટ પછી અબ્દુલ્લાએ એમના અનુયાયીને કહ્યું, 'જાઓ અને પેલા કાળા વસ્ત્રો વાળા માણસને માનભેર પાછા બોલાવી લાવ.' પેલો માણસ પાછો આવ્યો. એટલે ફરી અબ્દુલ્લાએ મોટા અવાજે કહ્યું, 'પાછો આવી ગયો, તને શરમ નથી આવતી?' જો અહીંથી ચાલ્યો જા.' વળી પેલો માણસ ચાલ્યો ગયો. અબ્દુલ્લાએ ફરી અનુયાયી દ્વારા તેને વિવેકભેર પાછો બોલાવ્યો. ફરી પાછો હડધૂત કરીને કાઢી મૂક્યો આવું દસ વાર કર્યું. અગિયારમી વખત પેલો માણસ બે હાથ જોડી અબ્દુલ્લાની સામે ઊભો રહી કહ્યું, 'બોલો મહાત્મા આપની શી આજ્ઞા છે?' મહાત્મા અબ્દુલ્લા રડી પડ્યા અને પેલા માણસને ભેટી પડતા કહ્યું 'તારા ભાઈ અહમ્ અને ક્રોધના સાચે જ અવસાન થયા છે, મેં તારા અહમ્‌ને ખંડિત કરી તારા ક્રોધને જગાડવાની દર વખત કોશીશ કરી કિન્તુ તું જીતી ગયો.'

સૌ સામુહિક જવાબદારી અદા કરીએ

ચોમાસાનો ભારે વરસાદ રાજ્યમાં થઈ ગયા પછી ભેજવાળી સિઝન હવે પોતાનો મિજાજ બતાવી રહી છે અને કન્જક્ટીવાઈટીસ, ફ્લુ ને ખાસ કરીને સ્વાઈન ફ્લુ જેવા રોગો માથું ઊંચકી ચૂક્યા છે.

સરકાર દ્વારા કે સરકારી તંત્ર દ્વારા દોડધામ પણ શરૂ કરી દેવામાં આવી છે. જ્યાં જ્યાં સ્વાઈન ફ્લુના કેસ જોવા મળ્યા છે ત્યાં ત્યાં તંત્ર ત્વરિત પહોંચી ગયું છે ને સઘન સર્વેલન્સ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. સ્વાઈન ફ્લુ ન થાય તે માટે આયુર્વેદિક ઉકાળાની માહિતી પણ તંત્રએ પ્રસારિત કરી અને ગાંધીનગર જિલ્લામાં લગભગ ૭૦ હજાર લોકોને આ આયુર્વેદિક ઉકાળો પીવડાવવામાં પણ આવ્યો. આ ઉપરાંત યુવાનોના એક મંડળે પણ આવા ઉકાળાનું વિતરણ પાંચેક દિવસથી શરૂ કર્યું છે. ગાંધીનગર નજીક ના એક ગામમાંય આ ઉકાળો લોકોને નિઃશુલ્ક આપવામાં આવી રહ્યો છે. આમ, સેવાભાવીઓ અને તંત્રએ પોતાના પ્રયત્નો શરૂ કરી દીધા છે પરંતુ તેમ છતાં ચિંતા કરવા જેવી બાબત એ છે કે સ્વાઈન ફ્લુનો ભોગ બનનારાઓની યાદી દિન-પ્રતિદિન વધી રહી છે. દરરોજ સરેરાશ ૧૦ દર્દીઓનો વધારો આ યાદીમાં ઉમેરાઈ રહ્યો છે. તંત્રના પ્રયાસો ઓછા પડી રહ્યા છે એવું નથી, લોકોની બેદરકારી વધુ છે એવું આના પરથી પ્રસ્થાપિત થઈ રહ્યું છે.

'રોગ અને શત્રુને ઉગતા જ ડામવાં' એવી કહેવત આપણે ત્યાં છે અને 'રોગના ઉપચાર કરતાં રોગ ન થાય એવી કાળજી સારી' એવું પણ આપણે સમજીએ છીએ પરંતુ એવું ખરેખર કરીને દેખાડવાનો સમય આવે ત્યારે આપણે નબળા સાબિત થઈએ છીએ, જેમ અત્યારે આપણે નબળા સાબિત થઈ રહ્યા છે.

તંત્રીસ્થાનેથી...

તંત્ર દ્વારા અખબારોમાં, ટીવીમાં ને રેડિયોમાં પણ જાહેરખબર વારંવાર પ્રસારિત કરવામાં આવી રહી છે, જેમાં સ્વાઈન ફ્લુ જેવા રોગોથી બચવા માટે નાગરિકોએ શું સાવધાની લેવી તે અંગેની વાત કરાય છે. આમાં સૌથી મહત્ત્વની વાત છે જરૂર ના હોય તો ઘરની બહાર નીકળવું નહીં, બને તો જાહેર સ્થળોએ, મેળાવડાઓમાં જવું નહીં.

પરંતુ, આશ્ચર્યની વાત એ છે કે આ વાતની જાણે કોઈને પડી જ ના હોય એમ જન્માષ્ટમીનો મેળો લોકોએ તબિયતથી મનાવ્યો, જરાય ડર વગર લોકો ટોળાબંધ ભેગા થયા. હવે ગણપતિ ઉત્સવ આવશે અને એ પછી ભાદરવી પુનમ. મતલબ કે મેળાકારે ભેગા થવાનો લોકોનો ક્રમ ચાલુ જ રહેશે.

અકબર-બિરબલની વાર્તા આપણે બાળપણમાં સાંભળી હતી, એમાં નાગરિકોને હુકમ કરવામાં આવે છે કે બાદશાહના હૉજને દૂધથી ભરી દેવો. દરેક નાગરિકે એક લોટો દૂધ એમાં નાખવું. સવારે આખો હૉજ પાણીથી જ ભરેલો જોવા મળે છે. દરેકે એમ માનીને પાણી એમાં ઉમેર્યું હતું કે હું એકલો દૂધનો લોટો ન નાંખુ એમાં શું ફરક પડી જવાનો છે ?

આપણાં મનમાંથી આ વૃત્તિ હજુ ગઈ નથી. જ્યાં સુધી રેલો આપણા પગ નીચે આવતો નથી ત્યાં સુધી ચસકવું નહીં, સુધરવું નહીં એવો નિયમ જાણે આપણે લઈ લીધો છે ને એ કારણે આવા રોગચાળા આપણો ભોગ લેતા જાય છે.

રોગચાળો ન ફેલાય એ માટે તંત્રની જેટલી જવાબદારી છે એટલી જ નાગરિકોની પણ છે એ દરેકે સમજી લેવું જોઈએ.

ઉચ્ચ શિક્ષણનો ખર્ચ રાજયની તિજોરીમાંથી કરવા સામે ગાંધીજીને વિરોધ હતો

યુનિવર્સિટીઓ સ્વાવલંબી બને એવી બાપુને મહેચ્છા હતી

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીના વિચારને વરેલી વર્ધા કેળવણી યોજનાના પ્રયોજકો કે પ્રસારકો જુદા જુદા તબક્કે દરેક પ્રકારના બાળકો માટે કેળવણીની સાંગોપાંગ યોજનાની જરૂરિયાત વિષે જાગૃત હતા. વર્ધા યોજનામાં માધ્યમિક કેળવણીની હસ્તી મટી જાય છે અને પ્રાથમિક કેળવણીની સાથે તે પાયાની કેળવણીનું કેન્દ્ર બને છે. ભાર વગરના ભણતરનો અભિગમ આ રીતે કેળવણીમાં જોડાયેલો હતો.

ગાંધીજી કયારેય દુનિયામાં મળી શકે તે ઊંચામાં ઊંચી કક્ષાની કેળવણીની વિરુદ્ધ ન હતા. હા, તેમનો વિરોધ જુદા પ્રકારે હતો. 'સઘળી ઉચ્ચ કેળવણીનો ખર્ચ રાજયની તિજોરીમાંથી કરવામાં આવે તેની સામે હતો. યુનિવર્સિટીઓ પરાવલંબી ન બનતા સ્વાવલંબી બને એમ તેઓ ઈચ્છતા હતા. તેમના અભિપ્રાય પ્રમાણે 'જેમની સેવાઓની રાજયને જરૂર હોય તેમને જ રાજયએ કેળવણી આપવી જોઈએ. ગાંધીજીનો આ અતિશિક્ષણ સામેનો વિરોધી વિચાર અમલમાં મૂકાયો હોત તો ઘણા બધા નાણાંકીય વેડફાટને આઝાદીના આટલા વર્ષો દરમિયાન રોકી શકાયા હોત.'

ગાંધીજી ઉચ્ચત્તર માધ્યમિક અને કૉલેજ મર્યાદિત રાખવા વિચાર વ્યક્ત કરે છે તો એની સાથે સાથે વધુ સંખ્યામાં અને વધારે સારા પુસ્તકાલયો અને પ્રયોગશાળાઓ તૈયાર કરવામાં માનતા હતા જેથી ભારતના કુશાગ્ર યુવાનો સંશોધન ક્ષેત્રે કાર્યરત બની શકે.

ગાંધીજીની વર્ધા કેળવણી યોજના સામે પણ સંખ્યાબંધ ટીકા થઈ હતી. કેટલાક ટીકાકારો વર્ધા યોજનાને કેળવણીના ક્ષેત્રમાં ભરાઈ પડેલા ફિલસૂફનું ઘેલું અથવા તો તેણે પેદા કરેલી ઈન્દ્રજાળ તરીકે ઓળખાવે છે. એક ટીકા એવી પણ સામેલ છે કે જેમાં આ યોજના દાર્શનિક પ્લેટોના આદર્શ જેવી માત્રને માત્ર છે. આ યોજના વાત્સવ સાથે સંબંધ ધરાવી શકે એવી નતી માત્ર 'ગગનવિહાર' સમી છે એવી પણ આલોચના અનેક કેળવણીકારોએ તે સમયે કરી હતી.

'મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસૂફી' વિષય પર પીએચ.ડી. કરનાર ડૉ.મણિભાઈ શિવાભાઈ પટેલ તેમના મહાનિબંધમાં આ બાબત ચર્ચી છે. વર્ધા યોજનાના અમલમને સમયે બાર વર્ષ થયા હતા આ બાબતને લક્ષમાં લેતા તેઓ લખે છે કે છેલ્લા બાર વર્ષમાં જેમણે આ યોજનાનો અમલ કર્યો છે તેમના મનમાં આ યોજનાનો સફળતાપૂર્વક અમલ કરી શકાય એ બાબતે લવલેશ શંકા નથી. માનવશાસ્ત્રની દૃષ્ટિએ આ સંગીત યોજનામાં બે ખામીઓ તેમણે દર્શાવી હતી. શ્રીયુત મ.શિ. પટેલે યોજનાની પહેલી ખામી દર્શાવતા કહ્યું હતું કે આ યોજના રાષ્ટ્રવ્યાપી પાયા ઉપર અમલી કરવાનું સુગમ થાય એટલા પ્રમાણમાં તેની અજમાયશ થઈ નથી. જો કે સમગ્ર રાષ્ટ્રમાં મોટાપાયા પર વર્ધા કેળવણી લાગુ પડે કરવાનું કામ ગાંધીજીનું ન હતું બલ્કે આઝાદી પહેલાની સરકાર અને સ્વતંત્ર ભારતની લોકશાહી સરકારે કરવાનું હતું. એટલે ગાંધીજીની કેળવણીની આ યોજનામાં ખામી અમલીકરણ સંદર્ભે છે. સ્વાભાવિક છે કે મહાત્મા ગાંધીએ કયારેય પોતાના વિચારો બીજા ઉપર લાદવાની કોશિશ કરી ન હતી. તેમના 'સત્યના પ્રયોગો' ના અમલ કરવા કે ના કરવા બાબતે તેમણે હંમેશા મુક્ત વિચારો જ દર્શાવ્યા હતા. કેળવણીની યોજનામાં પણ તેમણે કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા ઉપર પોતાના વિચારો મુજબનું શિક્ષણ આપે એવો વિચાર સુદ્ધાં કર્યો ન હતો.

હા, બીજી એક ખામી સંશાધક પટેલે એવી દર્શાવી છે કે યોજનાનો અમલ કરનારી સંસ્થાઓમાં પૂરતા પ્રમાણમાં અને ઠીક ઠીક કહી શકાય એવા સમયગાળા સુધી પ્રયોગકામ નથી થયું. આ કેળવણીના અમલમાં છેવટનું સ્વરુપ આપવામાં આ બાબત ચૂકાઈ છે, એમ તેમને સ્પષ્ટ આપવામાં આ બાબત ચૂકાઈ છે, એમ તેમણે સ્પષ્ટ કર્યું છે. અલબત્ત આમાં પણ તેમણે ગાંધીની ટીકા તો કરી નથી જ. તેઓ દર્શાવે છે કે 'યોજનાની કેટલીક બાજુઓમાં સુધારા કરવાની જરૂર છે તો એમ કરતાં આપણે બાજુઓમાં સુધારા કરવાની જરૂર છે તો એમ કરતાં આપણે અચકાવું જોઈએ નહીં. ખુદ મહાત્મા ગાંધીએ પણ આ માટે સ્વતંત્રતા આપી છે એવો ઉલ્લેખ કરતા તેઓ ઉપેરે છે, 'ગાંધીજીએ તેમના કોઈ પણ ઉપદેશ માટે તે વેદવાક્ય હોવાનો દાવો કર્યો નથી અને પોતાની વાતમાં સુધારાને અવકાશ હોય તો તે કરવાનો તેઓ હંમેશા તત્પર રહેતા હતા. આ યોજના 'ગગનવિહાર' છે એમ કહેવું એ કેટલાંક રૂઢ ખ્યાલોનું પરિણામ છે અને તે અવગણનાને પાત્ર છે.'

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

કૃષ્ણલીલામાં નાગદમન અને સાંયાજી ઝૂલા

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

વિહાણે નવે નાથ જાગો વહેલા
હુવા દૌડિયા ધૈન ગોપાલ હેલા
જગાડે જશોદા જદુનાથ જાગો
મહીમાટ ઘૂમે નવે નધ્ધ માગો.

જન્માષ્ટમીના પાવન પર્વે કૃષ્ણભક્તિમાં તરબતર થયેલી અનેક રચનાઓ યાદ આવે છે. સાંયાજી ઝૂલા નામના સુવિખ્યાત ચારણ ભક્ત-કવિની ઉપરની પંક્તિઓમાં પણ કૃષ્ણભક્તિનો ભાવ તેની તમામ મધુરતા સાથે ઘૂંટાયેલો છે. સાંયાજીનો જન્મ સંવત ૧૬૩૨ (ઇ.સ. ૧૬૮૮) માં થયો હોવાનો મત વધારે પ્રમાણભૂત ગણાય છે. કવિ સાબરકાંઠા જિલ્લાના ઈડર વિસ્તારમાં ઝુલા પરિવારમાં થયા પરંતુ તેમની અનન્ય કૃષ્ણભક્તિની રચનાઓ થકી વ્યાપક પ્રસિધ્ધિ અને પ્રશંસા પામેલા છે. નવલા પ્રભાતની જ્યોતિર્મય ક્ષણોમાં માતા યશોદા બાળ કૃષ્ણને જગાડવા માટે પ્રયાસ કરે છે. તે સંદર્ભમાં કવિને આ પંક્તિઓ સ્ફૂરી છે. કવિની એક સુપ્રસિધ્ધ રચના 'નાગદમણ' ની શરૂઆત ઉપરની સુંદર પંક્તિઓથી થાય છે. કવિની રચનાના આ શબ્દો વાંચીને મનમાં નરસિંહ મહેતાની સ્મૃતિ થાય છે. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા' જેવી નરસિંહની અમરકૃતિ અનંતકાળ સુધી ગવાતી અને ઝીલાતી રહેવાની છે. સાંયાજી ઝૂલાની ઉપરની પંક્તિઓમાં પણ માતા-પુત્રના સ્નેહભર્યા સંવાદમાં સ્થૂળ રીતે જોઈએ તો નટખટ કાનને ગાયો તથા ગોવાળ સાથે જવા માટે કહેવામાં આવેલું છે. આ સંવાદની તો એક શોભા છેજ પરંતુ અંતરાત્મામાં વસેલા પરમાત્માને ભાવ-ભક્તિથી જગાડવાનો એક વ્યાપક વિચાર પણ તેમાંથી પ્રગટે છે. કવિએ પોતાની દીર્ઘ રચનાના પ્રારંભેજ આ શબ્દો લખીને ભીતરતની ચેતના રૂપી દેવને જાગૃત કરવાનો યજ્ઞ આરંભેલો છે. જીવને શીવત્વ તરફ પ્રયાણ કરવું હોય તો અંતરમાં આવું કૃષ્ણ રૂપી ચેતનાનું જાગરણ થવું જરૂરી છે. આથી કવિની આ રચનાને આત્મ જાગરણની સંહિતા કહેવામાં આવે છે તેમાં સંપૂર્ણ ઔચિત્ય છે. ચેતના પ્રગટે તો અંદર – બહારનો ઉજાસ એ સહજ રીતે પ્રાપ્ત થાય છે અને આવા અંદરના ઉજાસનું એક સવિશેષ મૂલ્ય છે. સ્થૂળ આંખો કદાચ તેના નિરીક્ષણમાં ક્ષતિ કરે પરંતુ જેમને આંતરિક ઉજાસ ઝળહળા હોય તેમનો માર્ગ પછી સ્થૂળ બાબતોની મર્યાદામાં બંધાતો નથી. કવિ માધવ રામાનુજના સુંદર શબ્દો યાદ આવે :

અંદર તો એવું અજવાળું અજવાળું
ટળવળતી હોય આંખ જેને જોવાને
એ મીંચેલી આંખેય ભાળું
અંદર તો એવું અજવાળું આજવાળું.

સાંયાજીએ પોતાની રચનાઓમાં કૃષ્ણભક્તિને પ્રાધાન્ય આપેલું છે. કવિની બે દીર્ઘ રચનાઓ - 'નાગદમણ' તથા 'રૂક્ષ્મણીહરણ' લોકખ્યાતિને વરેલા છે. કવિશ્રીના જીવન સાથે અનેક કથાકથિત વાતો તથા ચમત્કારના પ્રસંગો જોડાયેલા છે. પરંતુ કવિની કૃષ્ણભક્તિની બે સુપ્રસિધ્ધ રચનાઓ થકીજ કવિનું દૈદિપ્યમાન જીવન તથા અસાધારણ કવિત્વ શક્તિનું સુરેખ દર્શન થાય છે.

કૃષ્ણની બાળલીલાનું ગાન એ કવિઓ માટે મોટા આકર્ષણનો વિષય છે. દરેક ભાષાના સાહિત્યમાં બાળકૃષ્ણને લાડ લડાવતી અનેક રચનાઓ જોવા મળે છે. 'નાગદમણ' માં પણ કવિએ પોતાની છટાથી કૃષ્ણ લીલાનું ગાન કરેલું છે. 'રૂક્ષ્મણીહરણ' માં કૃષ્ણના ભક્ત વાત્સલ્યના ભાવ વીરરસની ધારે વહેલા છે. સાંયાજીએ 'અંગદવિષ્ટિ' કાવ્ય પણ લખ્યું છે. રામચંદ્રજીની શૌર્યગાથા તેમાં પ્રગટ થતી જોવા મળે છે. 'નાગદમણ' ની કૃષ્ણભક્તિની રચનાઓ અત્યંત મધુર તથા ભાવપૂર્ણ છે.

હરી હો હરી હો હરી ધેન હાંકે
ઝરૂખે ચડી નંદકુમાર ઝાંકે
અહિરાણિયાં અવ્વલા ઝૂલ આવે
ભગવાનનેધેન ગોપી ભળાવે.

'હરી ધેન હાંકે' ની વાત કરતા કવિ કહે છે કે હરિના અવર્ણનીય રૂપની ઝાંખી નંદકુમારો તથા ગોપબાળાઓ કરે છે. કૃષ્ણને પોતાની ગાયો ભળાવે છે. જાણે કે સ્થૂળ પદાર્થને ત્યજીને પરમ પદાર્થની પ્રાપ્તિનો ગોપીજનોનો આ જાગૃત પ્રયાસ છે ! ગાયોને ભળાવવાનું તો એક બહાનું છે. પરંતુ કૃષ્ણમય થવાનો આ અવરસ છે તેને વ્રજવાસીઓ કેવી રીતે જતો કરી શકે ?

'નાગદમણ' ના પ્રસંગમાં કૃષ્ણ અને નાગણીઓ વચ્ચેનો સંવાદ એ મહત્વની ઘટના છે. નાગણીઓ વ્યાકુળ થઈને આ મનોહર બાળકને સરોવર છોડી જવાનું કહે છે. આ માટે જાતજાતની લાલચ પણ આપે છે. પરંતુ છેવટે ગોપાળકૃષ્ણ પોતાની મહત્તા સ્પષ્ટ કરે છે. સાંયાજી લખે છે :

રહો તો ઘરે દાવ દૂજો રહાવાં,
મોરો ઘાટ વેરાટ એથી ન માવાં,
ચમકે ચમકે સખે ચિત્ત ચેતી
લળે પાય લાગી વળે લુણ લેતી.

કૃષ્ણ કહે છે કે હવે હું અહીં રહીશ તો આશ્રિત તરીકે નહિ પરંતુ વિજેતા તરીકે રહીશ. કૃષ્ણ પોતાના વિરાટ સ્વરૂપનું જાણે કે વાતવાતમાં દર્શન કરાવે છે. નાગપત્નીઓ હવે આ બાળકનો મહીમા પારખીને ચમકી જાય છે. કૃષ્ણને વંદન કરી તેનું લૂણ ઉતારે છે. નરસિંહના કાવ્ય વૈભવમાં પણ બાળગોપાળ પોતાનું સ્વરૂપ પ્રગટ કરી નાગણીઓને કહે છે :

જગાડ તારા નાગને
મારું નામ કૃષ્ણ કહાનડો.

અને કૃષ્ણ દર્શનથી કૃતાર્થ થયેલી નાગણીઓ કૃષ્ણ દર્શન કરી કહે છે :

અમે અપરાધી કાંઇ ન
સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને.

હિન્દુસ્તાનના સાહિત્યના ઈતિહાસમાં ભક્તિ આંદોલનનું એક વિશેષ સ્થાન છે. "ભાગવત" એ અનેક રચનાઓનો સ્ત્રોત છે. ભક્તિ માર્ગ ભક્તિ પ્રાધાન્ય રહેલો છે. ભક્તિ આંદોલને દક્ષિણ ભારતમાં પોતાનો પ્રભાવ ઊભો કર્યો એ પ્રભાવ સમગ્ર દેશમાં વિસ્તર્યો. મધ્યકાલિન સાહિત્યમાં નરસિંહ, ભાલણ, પ્રેમાનંદ, દયારામ, દાસી જીવણ વગેરેની વ્યાપક અસર ગુજરાતમાં પણ ઊભી થવા પામી. ચારણી સાહિત્યમાં પણ ભક્ત કવિ ઈસરદાસજી જેમ ભક્તકવિ સાંયાજી ઝૂલાએ ભક્તિમાર્ગે કાવ્યધોધ વહાવ્યો છે. કવિની ભાષા પ્રાસાદિક છે. સાંયાજીના સર્જનોમાં ડિંગળી ભાષાની કોઇ ક્લિષ્ટતા જોવા મળતી નથી. ઝવેરચંદ મેઘાણીએ પણ કવિની ભાષાની આ સરળતા અને અકૃત્રિમતાનો ઉલ્લેખ કરેલો છે. શ્રાવણના સરવડા ઝીલીને યોગેશ્વર કૃષ્ણના કર્મયોગના માર્ગે પ્રવૃત્ત થવાનો નિર્ધાર કરવા જેવો છે. આ માર્ગ કદી દુર્ગતિ તરફ લઈ જતો નથી.

નવલિકા આસ્વાદ પર્વમાં આજે મડીયાની વાર્તા

સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● સાહિત્યસભાએ ઉજવણી 'કૃષ્ણભક્તિ' અને 'દેશભક્તિ' ગીતોની મહેફિલ

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા મા ગુર્જરીના ગુજરાતી સાહિત્યના પ્રચાર, પ્રસાર અને સંવર્ધન માટે યોજાતા કાર્યક્રમો અંતર્ગત, તા. ૧૩મી ઓગસ્ટે ૨૦૧૭ના રોજ, નટવર હેડાઉના અધ્યક્ષપદે, જન્માષ્ટમી અને સ્વાતંત્ર્યદિનને અનુલક્ષીને 'કૃષ્ણભક્તિ' અને દેશભક્તિનાં ગીતોની, ગાંધીનગરના સાહિત્ય સર્જકોની સ્વરચિત કૃતિઓનાં સ્વમુકે પઠનની મહેફિલ યોજાઈ ગઈ.

આ મહેફિલની શરુઆત મા શારદાની સ્તુતિ વંદનાથી કરવામાં આવી. ત્યારબાદ ઓગસ્ટ માસમાં જે સભ્યોના જન્મદિવસ આવે છે તેઓને અભિનંદન પાઠવવામાં આવ્યા. ત્યારબાદ ગીતોની મહેફિલ શરુ થતાં ગાંધીનગરના કવિઓ હસમુખ રાઘવાણી, અલ્પેશ, ઓમ મહેતા, મંજુલાબેન ભલગામી, એન.ડી. જોષી, સુમંતભાઈ શાહ, ગુલાબચંદ પટેલ, હીરાલાલ વરીયા, નટુભાઈ ગજ્જર, મૂળજી પરમાર 'દધિ' રમણલાલ શ્રીમાળી, રણછોડભાઈ પરમાર, ડૉ. અંબાલાલ પ્રજાપતિ, મીનળબેન ઓઝા, માયાબેન ચૌહાણ, બાબુભાઈ નાયક, લલિત અગ્રવાલ, બાબુદાન ગઢવી, કવિ મૂલાંકી, મંગળભાઈ પારેખ, જીતેન્દ્ર કા. વ્યાસ, ભરત કવિ, મહેન્દ્ર રાઠોડ, પ્રવીણ ગઢવી, ભાનુપ્રસાદ પુરાણી, ભીખુભાઈ કવિ, નટવર હેડાઉ વિગરે. પોતાની 'કૃષ્ણભક્તિ' અને 'દેશભક્તિ' ની કૃતિઓનું પઠન કર્યું, આ સાહિત્યિક મહેફિલને સર્વેએ મનભર માણી અને વખાણી.

● નર્મદ સાહિત્ય સભા સુરત તરફથી અપાતો 'નર્મદ ચંદ્રક', સને ૨૦૦૮થી ૨૦૧૨ દરમિયાન પ્રગટ થયેલા કાવ્યસંગ્રહોમાંથી શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ કવિ રઈશ મનીયાર લિખિત 'આમ લખવું કરાવે અલખની સફર' ને આપવાનું નક્કી થયેલ છે, જે અંગેનો 'નર્મદ ચંદ્રક' અર્પણ સમારોહ તા. ૨૦મી ઓગસ્ટ-૨૦૧૭ને રવિવારના રોજ, સવારે ૯.૪૫ કલાકે 'ભૂલકાં ભવન સ્કૂલ, ઓડિટોરિયમ, અડાજણ, સુરત ખાતે નાનુભાઈ નાયકના અધ્યક્ષસ્થાને અને રવિન્દ્ર પારેખના અતિથિ વિશેષપદે યોજાશે. બકુલેશ દેસાઈ કવિના પુસ્તકનો પરિચય કરાવશે.' આ સમારોહમાં સાથે કવિ સંમેલન પણ યોજાશે; જેમાં કવિઓ નયન દેસી, રવિન્દ્ર પારેખ, બકુલેશ દેસાઈ, ડૉ. મુકુલ ચોકસી, ડૉ. રઈશ મણિયાર, કિરણસિંહ ચૌહાણ, ગૌરાંગ ઠાકર, પ્રજ્ઞા વશી, યામિની વ્યાસ, મહેશ દાવડકર, ડૉ. હરીશ ઠાકર, ડૉ. વિવેક ટેલર, પંકજ વખારિયા, ગુણવંત ઠક્કર અને હર્ષવી પટેલ પોતાની કૃતિઓ રજૂ કરશે.

● તા. ૨૨.૭.૧૭ના રોજ સાહિત્ય પરિષદ, અમદાવાદના રા.વિ. પાઠક સભાગૃહમાં 'સચ્ચિદાનંદ સન્માન' અર્પણ કરવાનો કાર્યક્રમ સાહિત્ય પરિષદના અધ્યક્ષ ચંદ્રકાન્ત ટોપીવાળાના અધ્યક્ષપદે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રફુલ્લ રાવલે, સર્જકોનો પરિચય ઉષાબેન ઉપાધ્યાયે અને સંચાલન ગાંધીનગર સાહિત્ય સભાના ટ્રસ્ટી પ્રજ્ઞા પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં ચાર સર્જકો અનુક્રમે ગુલામ મોહમ્મદ શેખ (૨૦૧૩ માટે) ધ્રુવ ભટ્ટ (૨૦૧૪ માટે) હિમાંશી શૈલત (૨૦૧૫) માટે અને ડૉ. મોહન પરમાર (૨૦૧૬ માટે) એવોર્ડ અર્પણ કરવાના હતા પરંતુ અનિવાર્ય કારણોસર ગુલામ મોહમ્મદ હાજર રહ્યા નહોતા; જયારે હિમાંશી શેલત આ સન્માનનો અસ્વીકાર કરતાં, બે સર્જકો ધ્રુવ ભટ્ટ અને ડૉ. મોહન પરમારનું ડૉ. ચંદ્રકાન્તની ટોપીવાળાના હસ્તે આ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા અપાતા પારિતોષિકોનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પારિતોષિક પુરસ્કૃત લેખકોમાં કુમારપાળ દેસાઈ, હસુ યાજ્ઞિક, વિજય શાસ્ત્રી, મનોહર ત્રિવેદી, દિનકર દેસાઈ, રવીન્દ્ર અંધારિયા, ભરત દવે જેવા પ્રતિભાશાળી સાહિત્યસર્જકોનો સમાવેશ થાય છે.

ઉષાબેન ઉપાધ્યાયે એમની રસાળ શૈલીમાં, સચ્ચિદાનંદ સન્માન પ્રાપ્ત સર્જકોની સાહિત્ય સાધનાને બિરદાવી હતી જયારે ચંદ્રકાન્ત ટોપીવાળાએ અધ્યક્ષીય પ્રવચનમાં આ ચારેય સર્જકોની વિશિષ્ટતાઓને તારવીને એમની સર્જનસિમૃક્ષાની ઓળખને સ્થાનિક કરી હતી.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાન શ્રેણીમાં સાહિત્ય, તત્ત્વ, અર્થકારણ અને સાંસ્કૃતિક સમસ્યા અંગે વ્યાખ્યાનો યોજવામાં આવે છે; એ સંદર્ભમાં, વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ કૃષ્ણકાંત